જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૦૨/૨૦૧૭ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૬૭/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૫ કેસ કરી, ૪૯ વ્યક્તિઓને ઝડપી, ૧૦૧ લીટર દેશી દારૂ, ૧૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૪ બીયર ટીન, ૨૨ કિલો ૩૦૦ ગ્રામ ગાંજો, ૦૨ મોટર સાયકલ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૩ વ્યક્તિઓને ઝડપી, જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૬૮/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૬ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૦૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૨૬૯/૧૭

**દરીયાપુર** : મહેમુદભાઇ રહીમભાઇ બોડે (ઉ.વ.૪૦)(રહે,સાઇન દવાખાના સામે મસ્જીદગલી કાલુપુર ટાવર પાસે દરીયાપુર) એ તા.૭/૨/૧૭ નારોજ દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૧૦/૧૬ થી તા.૨૫/૧૨/૧૬ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી મનોજકુમાર નંદલાલ સુખવાની (રહે,કુડી ભગતાસની હાઉસીગ બોર્ડ જોધપુર તથા જી.આર.ફુડસ પ્રોડકટ,ચાંદ બીહારીનગર જયપુર રાજસ્થાન) એ મહેમુદભાઇને વિશ્વાસમાં લઇ, દરીયાપુર ભંડેરીપોળ પાછલી બારી પાસે આવેલ મહેમુદભાઇની દુકાનેથી સીંગચણાનો માલ મંગાવી, તે પેટેનાં થોડા રૂપિયા બેન્ક ખાતામાં ભરેલ અને બાકી નીકળતા કુલ રૂપીયા ૪,૪૧,૦૦૦/- નો ICICI બેન્કનો ચેક આપી, તે ચેકનું સ્ટોપ પેમેટ કરાવી મહેમુદભાઇ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એસ.સિધવ ચલાવે છે.

**રામોલ** : હિમાંશુકુમાર મનસુખભાઇ પટેલ (રહે.ગુ.હા.બોર્ડ, ફિઝીકલ ગ્રાઉન્ડ પાસે, ખોખરા) એ તા.૭/૨/૧૭ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૯/૧૬ બપોરના સમયે મહાદેવ એસ્ટેટ વિભાગ-૪ શેડ નં.૮૧ ખાતે આરોપી ઝફરુદિન યાસીનખાન (રહે.ગામ મુબારીકપુર તા.પુન્હાના જી.મેવાતનુહ, હરીયાણા) એ હિમાંશુકુમાર પાસેથી હિટાચી મશીન પ્રતિ માસ રૂપીયા ૨,૮૫,૦૦૦/- ભાડેથી મેળવેલ અને તે મશીન તેનાં મળતીયા લકકી (રહે,ગામ બડેડ તા.પુન્હાના જી.મેવાતનુહ, હરીયાણા) નામનાં માણસને આપી દીધેલ. જે મશીન સાથે આપેલ બ્રેકર કિંમત રૂપીયા ૧૪,૦૦,૦૦૦/- પરત નહીં આપી તેમજ કુલ બાકી ભાડું રૂપીયા ૧૧,૪૦,૦૦૦/- મળી કુલ રૂપીયા ૨૫,૪૦,૦૦૦/- નહીં ચુકવી હિંમાંશુકુમાર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.ડી.સોલંકી ચલાવે છે.


Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ગાડીનો કાચ તોડી ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૭૦/૧૭</u>**

**કૃષ્ણનગર** : શકરાજી જવાંજી ચોહાણ (રહે.ગામ ધડકણ આઝાદ ચોક, તા.પ્રાતીજ જી.સાબરકાંઠા) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૭/૨/૧૭ રાતના ૮/૦૦ થી ૯/૩૦ વાગ્યા દરમ્યાન મેવાડા ગ્રીન પાર્ટી પ્લોટના પાર્કીગમાં પાર્ક કરેલ પોતાની ગાડીનો ખાલી સાઇડનો કાચ તોડી, અજાણી વ્યક્તિ કારમાંથી એક બેગ કે જેમાં સોનાનો દોરો કિંમત રૂપીયા ૪૫,૦૦૦/- ચાંદીનું મંગળસુત્ર કિંમત રૂપીયા ૨,૫૦૦/- અને એ.ટી.એમ.કાર્ડ અને કપડાં મુકેલ હતાં તે બેગની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એફ.એલ.રાઠોડ ચલાવે છે.

**<u>વાહનચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૭૧/૧૭</u>**

**ઓઢવ** : પેલારામ અદારામ ચૌધરી (રહે, શ્યામસુંદર ફ્લેટ, છોટાલાલ ચાર રસ્તા પાસે ગાયત્રી મંદિર ઓઢવ) એ તા.૭/૨/૧૭ ના કલાક ૩/૪૫ વાગ્યાનાં સુમારે ઓઢવ અંબિકાનગર વિશાલા ગ્રાઉન્ડ એસ્ટેટ માં આવેલ પોતાની દુકાન પાછળ પોતાની બોલેરો પીકપ ફોર વ્હીલ નંબર જીજે.૧.ડી.યુ.૮૪૨૮ કિંમત રૂપિયા ૩,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ અંગેની ફરીયાદ પેલાભાઇ ચૌધરીએ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એન.સોલંકી ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૭૨/૧૭</u>**

**નરોડા** : મનીષભાઈ બાબુભાઇ વસાવા (ઉ.વ.૪૨)(રહે.ગામ અકોટા, તા.નાંદોદ, રાજપીપળા જી.નર્મદા) તા.૦૭/૦૨/૧૭ ના કલાક ૧/૦૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે નરોડા નાના ચીલોડા ગામઠી હોટલ -૨ ની સામેથી ચાલતાં પસાર થઇ રહ્યા હતા દરમ્યાન અજાણ્યા વાહનનાં ચાલકે, મનીષભાઇને ટક્કર મારતાં, શરીરે ગંભીર ઇજાઓ થતાં, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સવારનાં ૭/૩૦ વાગે મનીષભાઇનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ નરોડા પોલીસે ગુનો નોંધી આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૭૩/૧૭</u>**

**શાહીબાગ** : જયંતીભાઇ ગોવિદભાઇ પટણી (ઉ.વ.૨૩)(રહે,મણીલાલ મુખીની ચાલી અસારવા શાહીબાગ) એ કોઇ અગમ્ય કારણસર તા.૭/૨/૧૭ સાંજનાં ૬/૨૫ વાગ્યા પહેલાં કોઇપણ સમયે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એ.પટેલ ચલાવે છે.

**નરોડા** : કમળાબેન શૈલેશભાઇ પરમાર (ઉ.વ.૪૦)(રહે.આગમન રેસીડન્સી, સ્મશાન પાસે, નરોડા) છેલ્લા ઘણા સમયથી ડીપ્રેશનમાં હોઇ તા.૭/૨/૧૭ નાં કલાક ૧૨/૩૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે છતનાં ભાગે પોતાની જાતે પંખે સાડી બાંધી ગળે ફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી સુરેશભાઇ સખારામ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)